# અમદાવાદમાં અનરાધાર વરસાદ



## ૧૨ ઈંચ વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત : સમગ્ર શહેરમાં જળબંબાકારની સ્થિતી બાદ મોડેથી સ્થિતિમાં સુધાર : શહેરના પૂર્વ અને પશ્ચિમ ઝોનમાં રહેતા લોકોની હાલત કફોડી : બસ સેવા, સ્કુલ-કોલેજોને બંધ કરવા માટેની ફરજ : સ્થિતિને હળવી કરવા ભારે જહેમત

અમદાવાદ,તા. ૩૦

અમદાવાદ શહેરમાં પણ આજે સવારે મેઘતાંડવની સ્થિતી સર્જાઇ ગઇ હતી. ગઇકાલથી શરૂ થયેલા ભારે વરસાદના કારણે લોકોની હાલત કફોડી બની ગઇ હતી. ૨૪ કલાકથી પણ ઓછા સમય ગાળામાં અમદાવાદમાં ૧૨ ઈંચ સુધી વરસાદ થતા સમગ્ર શહેરમાં જળબંબાકારની સ્થિતી સર્જાઇ હતી. જોકે મોડેથી વરસાદ બંધ થતાં ધીમે-ધીમે પાણી ઉતરવા લાગ્યા હતા અને શહેરના મોટાભાગના વિસ્તારમાં બપોર બાદ સ્થિતિ હળવી બની હતી. જોકે, નિચાણવાળા વિસ્તારો જળબંબાકારની સ્થિતિમાં જ રહ્યા હતા. આજે સવારે ચારે બાજુ પાણી ભરાઈ જવાના કારણે તમામ રસ્તા બંધ રહ્યા હતા. જેથી નોકરી પર જતા લોકો નિકળી શક્યા ન હતા. શહેરમાં વાહન વ્યવહારને માઠી અસર થઈ હતી. સવાર સુધી અમદાવાદના જુદા જુદા વિસ્તારમાં અતિ ભારે વરસાદ

● અનુસંધાન પાન-૭ પર



આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઉંમરલાયક તો આપમેળે થઇ જવાય છે.. લાયક થવામાં જીંદગી આખી વહી જાય છે

- એસ. ભટ્ટાચાર્ય

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૪૧ ૩૧ જુલાઇ, ૨૦૧૪, ગુરૂવાર; શ્રાવણ સુદ - ૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



# ગાંધીનગર જળબંબાકાર

(તસવીર : દિપક જાની)

# શહેરમાં ૧૪ કલાકમાં સાત ઈંચ વરસાદ

## મેઘરાજા મન મૂકીને વરસતા શહેર વરસાદી પાણીમાં ઘમરોળાયું : અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી : જનજીવન પ્રભાવિત, ખેડૂતોમાં હર્ષ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં ગત રાત્રે મેઘરાજા મન મૂકીને વરતા ચોમેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. દિવસના અસહ્ય ઉકળાટ બાદ મોડી રાત્રે આકાશમાં ગોરંભાયેલા વાદળોએ ૭ ઈંચ પાણી વરસાવ્યું હતું. જેના લીધે સમગ્ર શહેર વરસાદી પાણીમાં ઘમરોળાયું હતું. શહેરના મુખ્યમાર્ગોથી લઈ સેકટરના કોમનપ્લોટ વરસાદી પાણીથી ઉભરાયા હતા ત્યારે વરસાદના લીધે અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. જયારે કેટલીક પ્રાથમિક શાળાઓ પણ બંધ રહી હતી. ભારે વરસાદના લીધે નગરનું જનજીવન પણ અસ્ત વ્યસ્ત થઈ ગયું હતું. વરસાદી વાતાવરણમાં જિલ્લામાં બે વ્યકિતના મોત નિપજયા હોવાના સમાચાર પણ સાંપડયા છે. બીજી તરફ મેઘરાજાએ ખમૈયા કરતા ખેડૂતોમાં હર્ષની લાગણી વ્યાપી હતી.

ગઈ કાલે રાત્રે મેઘરાજાએ બીજી ઈનિંગની ધમાકેદાર શરૂઆત કરી હતી. વાદળોના ભારે જમાવડા બાદ મધરાત્રે ભારે વરસાદ શરૂ થઈ ગયો હતો. મોડી રાત્રે અઢી વાગે વરસાદની સ્પીડ ખુબ વધી ગઈ હતી. એકધારો વરસાદ સવારે પાંચ વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો. તે પછી તેની સ્પીડમાં ઘટાડો થયો હતો. સવારે સાડા છ વાગે પુનઃ વરસાદની ગતિ વધી હતી.

લગભગ દોઢ કલાક સુધી ખૂબ જ ગતિથી વરસાદ પડયો હતો. લગભગ આઠેક વાગે વરસાદ ધીમો પડયો હતો અને થોડીકવાર પછી બંધ થઈ ગયો હતો. દસેક વાગ્યાની આસપાસ તડકો પણ નીકળ્યો હતો. વાદળોની અવરજવર વચ્ચે તડકો બપોર સુધી રહ્યો હતો. બપોર બાદ પુનઃ વાદળો ઘેરાયા હતા. જો કે વરસાદ શરૂ થયો ન હતો. મોડી રાત્રે પડેલા ધોધમાર વરસાદના કારણે શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા. વરસાદની ગતિ ખુબ હોવાથી સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈનની ક્ષમતા ઓછી થઈ ગઈ હતી. જેના કારણે ઠેર ઠેર પાણી ભરાયા હતા.

કચરો ભરાતા પણ પાણી ભરાવાની સમસ્યા ઉભી થઈ હતી. ઘ-ચ રોડ સહિત અમદાવાદ-સરખેજ તરફ જવાના માર્ગોએ પાણી ભરાયા હતા. શાળા-કોલેજોના મેદાનોમાં પાણી ભરાતા કેટલીક શૈક્ષણિક સંસ્થાઓમાં રજા રાખવામાં આવી હતી. ઘણા વિદ્યાર્થીઓ શાળાના દરવાજેથી જ પાછા વળ્યા હતા. અમદાવાદમાં પણ ખૂબ વરસાદ પડતા ઠેર ઠેર પાણી ભરાતા અમદાવાદથી આવતી ઘણી પોઈન્ટની બસો રદ થઈ હતી અથવા તો મોડી પડી હતી જેના કારણે સરકારી કચેરીઓમાં પણ સાવ પાંખી હાજરી જોવા મળતી હતી. સેકટર-૨૪, સેકટર-૨૧, સેકટર-૨૨ ઉપરાંત વાવોલ સહીતના ઘણા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. જો કે વરસાદ બંધ થયા બાદ ધીમે ધીમે પાણી ઓસરી ગયા હતા.

# જિલ્લામાં ભારે વરસાદથી બેના મોત

## વાવોલમાં શાળાએ જઈ રહેલો ધો.૬નો વિદ્યાર્થી સાયકલ સાથે વરસાદી પાણીના વહેણમાં તણાઈ ગયો : છત્રાલમાં વીજળી પડતાં એક યુવાનનું મૃત્યુ

ગાંધીનગર,તા.૩૦

ગાંધીનગરમાં ગત રાત્રે મેઘરાજા મન મુકીને વરસતા ચોમેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ગઈ કાલે દિવસભરના ભારે ઉકળાટ બાદ મોડી સાંજે વરસાદનું ઝાપટું પડ્યું હતું પરંતુ મોડી રાત્રે અચાનક જ આકાશમાં ગોરંભાયેલા વાદળો મન મુકીને વરસતા શહેર વરસાદી પાણીમાં ઘમરોળાયું હતું. આ ધોધમાર વરસાદે ગાંધીનગર જિલ્લામાં એક વિદ્યાર્થી સહીત બે વ્યક્તિના ભોગ લીધા છે. વાવોલ ગામમાંથી સાયકલ લઈને શાળાએ જઈ રહેલો ધો-૬ નો વિદ્યાર્થી તણાઈ જતા અને કલોલના છત્રાલમાં વીજળી પડતા એક યુવાનનું મૃત્યુ થવા પામ્યું છે. નોંધનીય છે કે ગાંધીનગરમાં રાત્રે ૧૪ કલાકમાં ૭ ઈંચ અને કલોલમાં ૧૨ ઈંચ વરસાદ પાડ્યો હતો.

ગાંધીનગરના વાવોલ ગામમાં સ્થિત હરીનગર સોસાયટીમાં મકાન નં.૪૯ માં દાદા અને માતા સાથે રહેતો ૧૩ વર્ષનો ક્રિપાલસિંહ ચંદ્રસિંહ રાઠોડ વાવોલ ગામમાં સ્થિત ડીપીએસ ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં ધોરણ-૬ માં અભ્યાસ કરતો હતો. આજે સવારે સાડા સાત વાગ્યાના અરસામાં ક્રિપાલ ઘરેથી સાયકલ લઈને શાળાએ જવા નીકળ્યો હતો. પરંતુ રાત્રે પડેલા ધોધમાર વરસાદને કારણે વાવોલમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. વાવોલ કોલવડા રોડ પર શાલ્વિક હોમ્સ સોસાયટી નજીક ત્રણ રસ્તા પર ઢોળાવ હોવાની વરસાદી પાણીનો વ્હેણ પુરપાટ ત્યાંથી જતો હતો. આ રસ્તા પરથી સાયકલ નીકળવા જતા જ ક્રિપાલની સાયકલ વ્હેણમાં તણાઈને નહેરમાં જતી રહી હતી. સાથે વિદ્યાર્થી ક્રિપાલ પણ દફ્તર સાથે વ્હેણમાં તણાઈ ગયો હતો. તણાઈ રહેલા વિદ્યાર્થી પર ધ્યાન જતા જ શાલ્વિક હોમ્સમાં રહેતા જયંતીભાઈ પટેલે જીવના જોખમનો સ્હેજ પણ વિચાર કર્યા વિના હિંમતપૂર્વક વ્હેણમાં પડતું



(તસવીર : વિપુલ ચૌહાણ)

● અનુસંધાન પાન-૭ પર

# વરસાદી પાણી ઉલેચવા તંત્રની ટીમ સવારથી જ દોડતી થઈ

## બે જેસીબી અને જેટીંગ મશીન સાથે ૩૫ માણસો કામે લાગ્યા

## પાણીના નિકાલ સાથે આડશ બનેલા વૃક્ષો દૂર કરાયા


ગાંધીનગર, તા.૩૦

ભારે વરસાદમાં ઘમરોળાયેલા શહેરમાં ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. આખી રાત વરસેલા વરસાદના લીધે શહેરના આંતરિક વિસ્તારો ઉપરાંત મુખ્યમાર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. જેના પરિણામે તંત્રની ટીમ પણ વહેલી સવારથી જ કામે લાગી ગઈ હતી. પાટનગર યોજના વિભાગના અધિકારીઓની ટીમે વરસાદી પાણીનો નિકાલ કરવા મશીનરી સાથે કામગીરી હાથ ધરી હતી. શહેરના મુખ્ય માર્ગો ઘ, ચ, ગ અને ક માર્ગ ઉપર ડિવાઈડર સુધીનું પાણી ભરાઈ ગયું હતું. જયારે સર્કલો



(તસવીર : દિપક જાની)

● અનુસંધાન પાન-૭ પર





હવામાન વિભાગે પ્રસિદ્ધ કરેલ સેટેલાઈટ તસવીરમાં ગુજરાત રાજ્ય પર વાદળો ઘેરાયેલા છે. જેના આધારે હજુ ૩૬ કલાકમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી રહી છે.

# સેક્ટરોના કોમન પ્લોટ્સ બેટમાં ફેરવાયા : ચોમેર જળ બંબાકાર

## સે. ૧ નું તળાવ પાણીથી ઉભરાયું ફાયર સ્ટેશનને પણ વરસાદી પાણીએ ઘમરોળ્યુ

ગાંધીનગર, તા. ૩૦

મંગળવારે મોડીરાતથી જ મેઘરાજાએ બધડાટી બોલાવતા સમગ્ર શહેરમાં ચોમેર પાણી-પાણી થઈ ગયું હતું. આખી રાત વરસેલા વરસાદે સેક્ટરોને પાણીમાં ઘમરોળતા નજર નાંખો તો જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. શહેરના મુખ્ય માર્ગો ઘ, ચ-, ગ અને ક માર્ગ પર વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. ડિવાઈડર અને સર્કલો સુધી પાણી ફરી વળ્યું હતું. આ ઉપરાંત શહેરના સેક્ટરોના કોમન પ્લાટ્સ જાણે બેટમાં ફેરવાઈ ગયા હતા. નીચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણી હીલોળા લેતુ નજરે પડ્યું હતું. સેક્ટરોના કોમન પ્લોટમાં તળાવ જેવો નઝારો સર્જાયો હતો. સે. ૧૪ ઓમકારેશ્વર મંદિર સામેના મેદાન તેમજ સે. ૩-સી શક્તિચોક સામેના મેદાનમાં વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો.



(તસવીર : દિપક જાની)

● અનુસંધાન પાન-૭ પર